નં. જીઆઈડીસી/ઈએનજી/મુઈ/૦૬

તા.૦૮-૦૨-૨૦૨૧

## //પરિપત્ર//

**વિષય: પ્લોટની વપરાશી છુટ (મોરેટોરીયમ) ની સમયમર્યાદા પૂર્ણ થતા વિકાસ નક્શા મંજુરી માટેની અરજી રદ કરવા બાબત.**

જીઆડીસી દ્વારા કોઈપણ પ્લોટની ફાળવણી દરમ્યાન નિયમાનુસાર વપરાશી છુટની સમયમર્યાદા માટે નિયત કરેલ હોય છે. આ નિયત કરેલ વપરાશી છુટની સમયમર્યાદા પૂર્ણ થાય ત્યાં સુધીમાં ફાળવણીદાર દ્વારા પ્લોટનો ઉપયોગ કરી ઉત્પાદન શરુ કરવાનું રહે છે. પરંતુ વપરાશી છુટનો સમયગાળો પૂર્ણ થાય ત્યાં સુધીમાં પ્લોટનો ઉપયોગ કરી નહીં શકતા ફાળવણીદાર દ્વારા નિયમાનુસાર વપરાશી છુટની સમયમર્યાદામાં વધારો સક્ષમ કક્ષાએથી મંજુર કરાવવાનો રહે છે.

અમુક કિસ્સાઓમાં ફાળવણીદાર દ્વારા પ્લોટ વપરાશી છુટનો સમયગાળો પૂર્ણ થઇ ગયા પછી વિકાસ નક્શા મંજુરી માટે ઓનલાઇન અરજી કરવામાં આવે છે. આ બાબતે વિગતવાર ચર્ચાના અંતે નીચે મુજબ કાર્યવાહી થવા સૂચિત કરવામાં આવે છે.

(૧) ફાળવણીદાર દ્વારા પ્લોટની વપરાશી છુટ (મોરેટોરીયમ) ની સમયમર્યાદા પૂર્ણ થઇ ગયા પછી ફાળવણીદાર દ્વારા નિયમાનુસાર વપરાશી છુટની સમયમર્યાદામાં વધારો સક્ષમ કક્ષાએથી મંજુર થયેલ ન હોય તો સદર પ્લોટની વિકાસ નક્શા મંજુરી માટેની ઓનલાઇન અરજી નક્શા મંજુરીની કામગીરી સંભાળતા મદદનીશ ઇજનેરશ્રી / અધિક મદદનીશ ઇજનેરશ્રી દ્વારા ચોક્કસ ખરાઇ કરી નકશા મંજૂર કરનાર સત્તાધિકારીએ રદ કરવાની રહેશે.

(૨) આવા કિસ્સાઓમાં ફાળવણીદાર દ્વારા નિયમાનુસાર વપરાશી છુટની સમયમર્યાદામાં વધારો મંજુર કરવા પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરીનો સંપર્ક કરવા તેમજ સક્ષમ કક્ષાએથી વપરાશી છુટની સમયમર્યાદામાં વધારો મંજુર થયા પછીજ તેમના પ્લોટના વિકાસ નક્શાની મંજુરી માટેની ઓનલાઇન અરજી કરવા માટે કાર્યપાલક ઇજનેરશ્રી /નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી દ્વારા ફાળવણીદારને જાણ કરવાની રેહશે.

સહી

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ

૧) નિગમના તમામ અધિકારીશ્રીઓ.................................તરફ જાણ તેમજ યોગ્ય થવા સારૂ.

૨) મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર.... તરફ જાણ તેમજ જીઆઇડીસીની વેબ સાઇટ ઉપર મૂકવા સારુ,

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)